# સુરત જિલ્લા પંચાયતમાં ૬૭.૫૪% જેટલું મતદાન નોંધાયું

**ગ્રામ્ય** વિસ્તારોમાં ઉત્સાહ, શહેર પ્રભાવિત વિસ્તારોમાં ઠંડો પ્રતિસાદ

**ધાણાવડામાં** મહિલાઓ સહિત ભારે ઉમટાણ, કામરેજમાં નિરાશાજનક ટર્નઆઉટ; નામ ન મળતાં અનેક મતદારો પરત ફર્યા

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની ચૂંટણીમાં આ વખતે એક તરફ મતદાર યાદી સંબંધિત ગડબડીઓ ચર્ચાના કેન્દ્રમાં રહી, તો બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોનો લોકશાહી પ્રત્યેનો વિશ્વાસ પણ મજબૂત રીતે ઝળક્યો. રવિવારે યોજાયેલા મતદાનમાં જિલ્લામાં સરેરાશ ૬૭.૫૪ ટકા મતદાન નોંધાતા લોકશાહી પ્રત્યેની જાગૃતિ સ્પષ્ટ દેખાઈ હતી.

જિલ્લાના કુલ આશરે ૫૫ લાખ મતદારમાંથી મોટી સંખ્યાએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ખાસ કરીને ગામડાઓમાં મહિલાઓ વહેલી સવારથી જ મતદાન મથકો પર લાઇનોમાં ઊભી રહી હતી, જેના કારણે ઘણા વિસ્તારોમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. આ ચૂંટણીમાં મતદાનનો રસપ્રદ ટ્રેન્ડ સામે આવ્યો હતો. ધાણાવડા બેઠક પર સૌથી વધુ ૮૨.૩૪ ટકા મતદાન નોંધાયું, જે ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય જાગૃતિ અને સ્થાનિક મુદ્દાઓ પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે. બીજી તરફ કામરેજ જેવી હાઇપ્રોફાઈલ બેઠક પર માત્ર ૪૯.૬૬ ટકા મતદાન નોંધાતા મતદારોમાં ઉદાસીનતા સ્પષ્ટ જણાઈ હતી.

### મતદાર યાદી ગડબડથી તંત્ર સામે સવાલો

મતદાન દરમિયાન સૌથી મોટી સમસ્યા તરીકે મતદાર યાદીમાંથી નામ ગાયબ હોવાના બનાવો સામે આવ્યા હતા. અનેક મતદારો સવારે ઉત્સાહપૂર્વક મતદાન કરવા પહોંચ્યા, પરંતુ યાદીમાં નામ ન મળતાં નિરાશ થઈ પરત ફરવું પડ્યું. કેટલાક વિસ્તારોમાં તો આખા પરિવારના નામ જ ગાયબ હોવાના બનાવો સામે આવ્યા હતા, જેના કારણે મતદારોમાં રોષ ફાટી નીકળ્યો હતો. રાજકીય પક્ષોએ પણ આ મુદ્દે ચૂંટણી તંત્રની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા અને યોગ્ય તપાસની માંગ ઊઠી છે.

### બિનહરીફ બેઠકો સાથે ચૂંટણીનું ગણિત બદલાયું

જિલ્લા પંચાયતની કુલ બેઠકોમાંથી ૪ બેઠક- કીમ, મોર, પલસાણા અને સાયણ પર ઉમેદવારો બિનહરીફ જાહેર થતાં ત્યાં મતદાન યોજાયું નહોતું. પરિણામે બાકીની ૩૨ બેઠકો પર જ સીધી ટક્કર જોવા મળી હતી. હવે આ તમામ બેઠકોનું રાજકીય ભવિષ્ય EVMમાં સીલ થઈ ગયું છે અને પરિણામો જાહેર થયા બાદ જ સ્પષ્ટ થશે કે મતદારોનો ઝુકાવ કઈ દિશામાં રહ્યો છે.

| વોર્ડ નં | વોર્ડનું નામ | પુરુષ મતદાર | સ્ત્રી મતદાર | કુલ મતદાર | મતદાન (પુરુષ) | મતદાન (સ્ત્રી) | મતદાન (કુલ) | ટકાવારી (%) |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | અનાવલ | 14,025 | 14,579 | 28,604 | 9,372 | 9,025 | 18,397 | 64.31 |
| 2 | અરેઠ | 13,439 | 14,095 | 27,534 | 9,879 | 10,174 | 20,053 | 72.82 |
| 3 | બાબેન | 9,484 | 9,237 | 18,721 | 5,412 | 4,839 | 10,251 | 54.75 |
| 4 | દેવગઢ | 13,260 | 13,674 | 26,934 | 9,546 | 9,785 | 19,331 | 71.77 |
| 5 | ધાણાવડ | 15,863 | 15,698 | 31,561 | 13,078 | 12,910 | 25,988 | 82.34 |
| 6 | ઘંટોલી | 13,414 | 14,367 | 27,781 | 9,559 | 10,077 | 19,636 | 70.68 |
| 7 | ગોદાવાડી | 12,784 | 13,685 | 26,469 | 9,268 | 9,680 | 18,948 | 71.58 |
| 8 | હજીરા | 4,527 | 4,512 | 9,039 | 3,659 | 3,481 | 7,140 | 78.99 |
| 9 | ઝંખવાવ | 13,491 | 13,794 | 27,285 | 10,312 | 10,414 | 20,726 | 75.96 |
| 10 | કડોદ | 10,449 | 10,923 | 21,372 | 7,143 | 7,208 | 14,351 | 67.14 |
| 11 | કામરેજ | 22,150 | 20,000 | 42,150 | 10,083 | 7,819 | 17,902 | 42.47 |
| 12 | કરચેલીયા | 12,387 | 13,336 | 25,723 | 8,716 | 8,901 | 17,617 | 68.48 |
| 13 | કારેલી | 10,838 | 11,348 | 22,186 | 7,661 | 7,968 | 15,629 | 70.44 |
| 14 | ખોલવડ | 18,768 | 17,099 | 35,867 | 10,630 | 8,678 | 19,308 | 53.83 |
| 15 | કીમ | 12,728 | 11,948 | 24,676 | - | - | - | - |
| 16 | કોસંબા | 10,190 | 10,057 | 20,247 | 6,542 | 6,044 | 12,586 | 62.16 |
| 17 | લાજપોર | 14,724 | 14,373 | 29,097 | 10,187 | 9,532 | 19,719 | 67.76 |
| 18 | મહુવા | 11,231 | 11,708 | 22,939 | 8,308 | 8,342 | 16,650 | 72.58 |
| 19 | માંગરોળ | 13,096 | 12,771 | 25,867 | 9,353 | 8,701 | 18,054 | 69.79 |
| 20 | મોર | 15,321 | 15,733 | 31,054 | - | - | - | - |
| 21 | મોરા | 5,665 | 5,424 | 11,089 | 4,188 | 3,837 | 8,025 | 72.36 |
| 22 | નાની નરોલી | 12,896 | 12,972 | 25,868 | 9,101 | 8,963 | 18,064 | 69.83 |
| 23 | નવાગામ | 16,760 | 15,564 | 32,324 | 8,245 | 7,249 | 15,494 | 47.93 |
| 24 | ઓલપાડ | 12,858 | 12,592 | 25,450 | 8,316 | 7,556 | 15,872 | 62.36 |
| 25 | પલસાણા | 8,982 | 9,144 | 18,126 | - | - | - | - |
| 26 | પીંજરત | 14,908 | 15,231 | 30,139 | 9,236 | 8,851 | 18,087 | 60.01 |
| 27 | પીપોદરા | 10,919 | 10,393 | 21,312 | 8,302 | 7,724 | 16,026 | 75.19 |
| 28 | સાયણ | 13,005 | 12,777 | 25,782 | - | - | - | - |
| 29 | સુરાલી | 11,986 | 12,548 | 24,534 | 8,126 | 8,178 | 16,304 | 66.45 |
| 30 | તડકેશ્વર | 12,811 | 13,160 | 25,971 | 10,094 | 9,968 | 20,062 | 77.24 |
| 31 | ઉભેળ | 13,540 | 13,944 | 27,484 | 7,662 | 7,687 | 15,349 | 55.84 |
| 32 | વાડી | 17,371 | 17,392 | 34,763 | 13,844 | 13,733 | 27,577 | 79.32 |
| 33 | વલવાડા | 14,398 | 15,056 | 29,454 | 10,078 | 9,916 | 19,994 | 67.88 |
| 34 | વાંકાનેર | 11,406 | 11,892 | 23,298 | 7,616 | 7,697 | 15,313 | 65.72 |
| 35 | વરાડ | 10,661 | 11,105 | 21,766 | 6,581 | 6,845 | 13,426 | 61.68 |
| 36 | વરેલી | 11,397 | 10,472 | 21,869 | 7,078 | 6,421 | 13,499 | 61.72 |

# ઉધના રેલવે સ્ટેશન પરથી 17 હજાર મુસાફરો રવાના

**મુસાફરોની** સંખ્યામાં ઘટાડો થતાં ત્રણ સ્પેશિયલ ટ્રેનો રદ

સુરત : ગયા રવિવારની અંધાધૂંધી અને બેકાબૂ ભીડમાંથી બોધપાઠ લઈને પશ્ચિમ રેલવે તંત્રએ આ રવિવારે લોખંડી બંદોબસ્ત અને સચોટ માઈક્રો પ્લાનિંગ સાથે ઉધના સ્ટેશન પર સ્થિતિ થાળે પાડી હતી. 19 એપ્રિલના રોજ ઉમટેલા 28 હજાર મુસાફરોની સરખામણીએ આજે 26 એપ્રિલે અંદાજે 17 હજાર મુસાફરો નોંધાયા હતા. રેલવેના ઉચ્ચ અધિકારીઓના સીધા મોનિટરિંગ અને કડક શિસ્તને કારણે કોઈ પણ અપ્રિય ઘટના વગર તમામ મુસાફરોને ગંતવ્ય સ્થાને રવાના કરવામાં આવ્યા હતા. નવાઈની વાત એ રહી કે, બપોરે 2 વાગ્યા પછી ભીડ ઓછી થઈ જતાં રેલવેએ ત્રણ સ્પેશિયલ ટ્રેનો રદ કરવાની ફરજ પડી હતી. મળતી માહિતી મુજબ 19 એપ્રિલે ઉધના સ્ટેશન પર મુસાફરોનો એવો દરિયો ઉમટ્યો હતો કે સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડી ગયા હતા. તે ઘટના બાદ રેલવે પ્રશાસનની ભારે ટીકા થઈ હતી. પરિણામે, આ રવિવારે મુંબઈ હેડક્વાર્ટરથી લઈને સ્થાનિક તંત્ર સુધી તમામ એલર્ટ મોડ પર હતા. યુપી, બિહાર અને ઓડિશા જતી ટ્રેનો માટે અલગ-અલગ હોલ્ડિંગ એરિયા અને કતારબદ્ધ વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્ટેશન પરિસરમાં પ્રવેશથી લઈને પ્લેટફોર્મ સુધી મુસાફરોને ટુકડીઓમાં મોકલવામાં આવ્યા હતા, જેથી પ્લેટફોર્મ પર દબાણ વધે નહીં. સામાન્ય રીતે એસી કેબિનમાં બેસતા રેલવેના ઉચ્ચ અધિકારીઓ આજે જાતે રણમેદાનમાં હોય તેમ ઉધના સ્ટેશનના પ્લેટફોર્મ પર પરસેવો પાડતા જોવા મળ્યા હતા.

### ટ્રેનનું નામ અને નંબર, મુસાફરોની સંખ્યા

(1) 09003 ઉધના-જયનગર સ્પેશિયલ 3,900 (2) 09007 ઉધના-સમસ્તીપુર સ્પેશિયલ 3,600 (3) 09167 ઉધના-મધુબની સ્પેશિયલ 1,800 (4)19021 ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત 1,800 (5) 22564 અંત્યોદય એક્સપ્રેસ (જયનગર) 4,000 (6)19045 તાપ્તી ગંગા સુપરફાસ્ટ 2,300 (7) 09031 ઉધના-હસનપુર સ્પેશિયલ 700 (8) 09175 ઉધના-દુર્ગાપુર સ્પેશિયલ 700, કુલ અંદાજિત મુસાફરો 17,000

### મુસાફરો ઘટ્યા: ત્રણ સ્પેશિયલ ટ્રેનો રદ

1) 09021 (ઉધના-સમસ્તીપુર)
2) 09041 (ઉધના-જયનગર)
3) 09045 (ઉધના-જયનગર)

# દક્ષિણ ગુજરાતનું મતદાન



### નવસારી વલસાડ ડાંગ

| | |
|---|---|
| **મહાનગર પાલિકા** | |
| નવસારી | 59.68 |
| વાપી | 65.68 |
| **નગર પાલિકા** | |
| ગણદેવી | 72.56 |
| **જિલ્લા પંચાયત** | |
| નવસારી | 69.60 |
| વલસાડ | 73.02 |
| ડાંગ | 77.17 |

### તાલુકા પંચાયત

| | |
|---|---|
| નવસારી | 69.40 |
| જલાલપોર | 63.68 |
| ગણદેવી | 65.54 |
| ચીખલી | 67.44 |
| વાંસદા | 72.65 |
| ખેરગામ | 73.41 |
| કપરાડા | 87.44 |
| ધરમપુર | 81 ટકા |
| ચીખલી | 73.47 |
| નાનાપોંઢા | 79.36 |
| ઉમરગામ | 70.10 |
| આહવા | 74.35 |
| વઘઇ | 81.97 |
| સુબીર | 76.08 |

### ભરૂચ, સુરત, નર્મદા, તાપી, નગરપાલિકા

| | |
|---|---|
| ભરૂચ | 56.69 |
| અંકલેશ્વર | 72.35 |
| જંબુસર | 77.40 |
| આમોદ | 81.28 |
| કડોદરા | 68.00 |
| બારડોલી | 64.91 |
| રાજપીપળા | 75.62 |
| માંડવી | 74.10 |
| વ્યારા | 65.70 |

# સુરત જિલ્લામાં ખોટકાયેલાં 71 EVM બદલાયાં

**લાઈટ,** બેટરી, બટન અને બઝર અંગે ફરિયાદો મળતા અધિકારીઓ સક્રિય; મતદાન પ્રક્રિયા સતત નિર્વિઘ્ન રાખવા પ્રયાસ

સુરતઃ સુરત જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન મતદાન પ્રક્રિયા નિર્વિઘ્ન રહે તે માટે ચૂંટણી તંત્ર સક્રિય રહ્યું છે. જિલ્લામાં વિવિધ મતદાન મથકો પરથી મળેલી ટેકનિકલ ફરિયાદોને આધારે કુલ 71 ઈવીએમ મશીનો બદલી નાખવામાં આવ્યા છે.

મતદાન શરૂ થતાં જ કેટલાક સ્થળોએ ઈવીએમમાં લાઈટ યોગ્ય રીતે ન ચાલવી, બેટરીમાં ખામી હોવી, બટન દબાવતા પ્રતિસાદ ન મળવો તેમજ બઝર ન વાગવા જેવી સમસ્યાઓ સામે આવી હતી. આ પ્રકારની ફરિયાદોને ધ્યાનમાં લઈ પ્રિસાઈડિંગ ઓફિસરો અને ટેકનિકલ ટીમોએ તરત જ કાર્યવાહી હાથ ધરી હતી. ખામીયુક્ત મશીનોને તાત્કાલિક બદલીને નવા ઈવીએમ સ્થાપિત કરવામાં આવ્યા હતા, જેથી મતદાન પ્રક્રિયા પર કોઈ અસર ન પડે. ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું હતું કે દરેક મતદાન મથકે રિઝર્વ ઈવીએમ ઉપલબ્ધ રાખવામાં આવ્યા હોવાથી જરૂર પડતા તાત્કાલિક બદલાવ શક્ય બન્યો છે. ઉલ્લેખનીય છે કે ગરમી અને ટેકનિકલ પરિસ્થિતિઓ વચ્ચે પણ મતદારોને કોઈ મોટી મુશ્કેલી ન પડે તે માટે ચૂંટણી તંત્ર સતત મોનિટરિંગ કરી રહ્યું છે. અધિકારીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તમામ વ્યવસ્થાઓ વચ્ચે મતદાન પ્રક્રિયા પારદર્શક અને સુચારૂ રીતે પૂર્ણ થશે.

# સુરતમાં તાપમાન 41.6 ડિગ્રી સુધી પહોંચ્યું

સુરતઃ સુરત શહેરમાં ગરમીનો પ્રકોપ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે. આજે શહેરનું મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 41.6 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 26.9 ડિગ્રી નોંધાયું હતું. દિવસ અને રાત્રિના બંને તાપમાનમાં નોંધાયેલા વધારાના કારણે શહેરમાં અસહ્ય ગરમી અને ઉકળાટની સ્થિતિ સર્જાઈ હતી. હવામાનમાં ભેજનું પ્રમાણ આશરે 30 ટકા નોંધાયું હતું, જેના કારણે ગરમીની તીવ્રતા વધુ અનુભવાઈ હતી. ઉત્તર દિશામાંથી આશરે 4 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા હોવા છતાં ગરમીમાં કોઈ ખાસ રાહત મળી નહોતી. પરિણામે સામાન્ય જનજીવન પર અસર પડી હતી અને લોકો ખાસ કરીને બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા. ગરમીના વધતા પ્રભાવને કારણે રસ્તાઓ પર લોકોની અવરજવર ઘટી ગઈ હતી અને ઠંડક મેળવવા માટે લોકો ઠંડા પીણાં અને છાંયડા સ્થળોની શોધમાં જોવા મળ્યા હતા.

# અલથાણમાં કિશોરીની છેડતી મામલો સમીકરણ બદલશે?

**SPGના** બહિષ્કારના આહવાનથી અલથાણ-ભટારમાં સમીકરણો બદલાયા હોવાની શક્યતા

**સમગ્ર** મામલે આમ આદમી પાર્ટી ક્રેડિટ લેવા દખલગીરી કરી હોવાના પુરાવા પોલીસને મળ્યા

સુરતઃ અલથાણ વિસ્તારમાં બનેલી ચકચારી ઘટનામાં શનિવારે રિકન્સ્ટ્રક્શન વેળાએ ફાટી નીકળેલા જનઆક્રોશના પડઘા રવિવારે લોકશાહીના પર્વ એટલે કે મતદાન પર સ્પષ્ટપણે જોવા મળ્યા હતા. પોલીસ અને આરોપી પર થયેલા હુમલા બાદ મોડી રાત્રે જાગેલા પાટીદાર ફેક્ટરને કારણે અનેક મતદાન મથકો પર ગણગણાટ અને અજંપાભરી સ્થિતિ જોવા મળી હતી. જ્યારે આખો મામલો આમ આદમી પાર્ટી ક્રેડિટ લેવા વધારી રહી હોવાના પણ પુરાવા પોલીસને મળ્યા છે. જે આમ આદમી પાર્ટીની મુશ્કેલી પણ વધારી શકે છે.

શનિવારે જ્યારે પોલીસ છેડતી કરનારા આરોપી વિધર્મીને લઈને રિકન્સ્ટ્રક્શન માટે પહોંચી ત્યારે રોષે ભરાયેલા ટોળાએ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતા પોલીસ અને આરોપી પર પથ્થર તેમજ ચંપલમારો કર્યો હતો. પોલીસને આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં બે કલાકની ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આક્રોશ એટલો પ્રચંડ હતો કે પોલીસ કાફલાએ મથામણ કરવી પડી હતી. આ ઘટનાના પડઘા આજે મતદાન પર જોવા મળ્યા છે. મોડી રાત્રે SPG ગ્રુપના હોદ્દેદારો દ્વારા મહેસાણાથી પાટીદારોને મતદાન ન કરવાનો સંદેશ (કોલ) આપવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિવારે અલથાણ જેવા પાટીદારોના ગઢ ગણાતા વિસ્તારોમાં આ ઘટનાની સીધી અસર જોવા મળી હતી. કેટલાક મતદારોએ મતદાનથી અળગા રહીને વિરોધ નોંધાવ્યો હતો, તો વળી કેટલાકે 'આમ આદમી પાર્ટી' તરફી મતદાન કરીને સત્તાધારી પક્ષ પ્રત્યેની નારાજગી વ્યક્ત કરી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. સમગ્ર વિવાદમાં 'જીવા કાકા' ના નામે વાયરલ થયેલા ઓડિયોએ રાજકારણમાં ગરમાવો લાવી દીધો હતો. આ મામલે જીવરાજ કાકાએ સોશિયલ મીડિયા પર વિડીયો જાહેર કરી સત્તાવાર સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું હતું કે, મેં કોઈ ષડયંત્ર રચ્યું નથી, પરંતુ સમાજની દીકરી સાથે થયેલી છેડતીના મામલે તેને ન્યાય અપાવવા માટે મેં સમાજને જાગૃત કર્યો હતો. આગામી દિવસોમાં પણ હું સમાજની સુરક્ષા અને ન્યાય માટે જાગૃતિ ફેલાવવાનું કાર્ય ચાલુ જ રાખીશ.

### CCTVમાં કેદ થયો આપનો મેહુલ ઉર્ફે 'રાવણ', પોલીસ સ્ટેશનમાં શું કરી રહ્યો હતો?

બીજી તરફ, અલથાણ પોલીસ સ્ટેશનના CCTV ફૂટેજ પણ તપાસમાં મહત્ત્વના સાબિત થયા છે. વિરોધ પ્રદર્શન દરમિયાન મેહુલ ઉર્ફે રાવણ નામનો શખ્સ પોલીસ સ્ટેશનમાં શંકાસ્પદ રીતે ફરતો જોવા મળ્યો હતો. મેહુલ આમ આદમી પાર્ટી સાથે સક્રિય રીતે જોડાયેલો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસ કમિશનરે આ મામલાને ગંભીરતાથી લઈ ત્વરિત તપાસના આદેશ આપ્યા છે. શું આ વ્યક્તિ ટોળાને ઉશ્કેરવામાં સામેલ હતો? તે દિશામાં અત્યારે સાયબર સેલ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ તપાસ શરૂ કરી છે.

### ગોપાલ ઇટાલિયાનો વળતો પ્રહાર: 'આમ આદમી પાર્ટીને બદનામ કરવાનું કાવતરું'

આ સમગ્ર વિવાદ વચ્ચે AAPના નેતા ગોપાલ ઇટાલિયાએ તમામ આરોપોને નકારી દીધા છે. તેમણે મીડિયા સમક્ષ નિવેદન આપ્યું છે કે, આ વિરોધ પ્રદર્શનમાં આમ આદમી પાર્ટીના કોઈ પણ કાર્યકર્તા કે નેતા સામેલ નથી. ભાજપ પોતાની નિષ્ફળતા છુપાવવા અને AAPની વધતી જતી લોકપ્રિયતાથી ડરીને અમને બદનામ કરી રહી છે. જોકે, એક બાજુ ઇટાલિયાનો ઇનકાર છે અને બીજી બાજુ પોલીસ પાસે રહેલા ઓડિયો-વિડીયો પુરાવા છે, જે આગામી દિવસોમાં AAP માટે મુશ્કેલીઓ વધારી શકે છે.

### વાયરલ ઓડિયો મામલે સાયબર સેલ અને ક્રાઈમ બ્રાન્ચની એન્ટ્રી

સુરત પોલીસ કમિશનરે સ્પષ્ટ કર્યું છે કે પુરાવાઓ સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. વાયરલ ઓડિયો ક્લિપની સત્યતા તપાસવા માટે તેને એફએસએલ (FSL) માં મોકલવામાં આવી શકે છે. સાયબર સેલએ તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર નજર રાખી રહ્યું છે જેના દ્વારા ઉશ્કેરણીજનક મેસેજ ફેલાવવામાં આવ્યા હતા. જો કાવતરું સાબિત થશે, તો AAP ઉમેદવાર જીવાકાકા અને મેહુલ ઉર્ફે રાવણ વિરુદ્ધ કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

## અનુસંધાન

... પાના છેલ્લાનું

### સુરત મહાપાલિકાની...

બપોરે તો મતદાન મથકો સુમસામ થઈ ગયા જેવી હાલતમાં આવી જતાં ભાજપે પોતાના બુથ પ્રમુખોને અને આપ તેમજ કોંગ્રેસે પોતાના કાર્યકરોને વધુ મતદાન કરાવવા માટે દોડાવવા પડ્યા હતા. જેને કારણે સાંજે 4થી 6 કલાકના સમયમાં મતદાન મથકોમાં લાઈનો લાગી હતી અને મતદાનની ટકાવારી વધી હતી. મતદારોને ગરમીથી રાહત મળે એ માટે ચૂંટણી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. શહેરના મોટા ભાગનાં મતદાન કેન્દ્રો પર પીવાના પાણી, કૂલર તેમજ ઓઆરએસના પાણીની સુવિધા ઊભી કરવામાં આવી હતી.

### શરૂઆતમાં ૭થી...

૧૧ દરમિયાન મતદાનમાં નોંધપાત્ર વધારો થયો અને કુલ મતદાનનો આંક ૧૯.૪૩ ટકા સુધી પહોંચ્યો હતો. આ દરમિયાન માત્ર બે કલાકમાં ૧૨.૫૪ ટકા જેટલું મતદાન વધ્યું હતું, જે દર્શાવે છે કે સવારે મતદારો મોટી સંખ્યામાં મતદાન મથકો પર પહોંચ્યા હતા. પરંતુ ત્યારબાદ બપોરના સમયગાળા દરમિયાન મતદાનની ગતિ ધીમી પડી હતી. સવારે ૧૧ થી બપોરે ૧ દરમિયાન કુલ મતદાન ૨૪.૨૧ ટકા સુધી પહોંચ્યું, એટલે કે આ બે કલાકમાં માત્ર ૪.૭૮ ટકા જેટલું મતદાન વધ્યું હતું. આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે સવારે મતદાનમાં સારી ગતિ રહી હતી, પરંતુ બપોરે વધતી ગરમીના કારણે મતદારોમાં ઉત્સાહ ઘટ્યો હોય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સામાન્ય રીતે બપોરના સમયગાળામાં ગરમીના કારણે મતદાનમાં ઘટાડો જોવા મળતો હોય છે, અને આજે પણ તે જ સ્થિતિ જોવા મળી રહી હતી. અને બપોર પછી ટકાવારી વધી હતી. બપોરે ૧ થી ૩ માં સૌથી વધારે ૧૯.૩૧ ટકા મતદાન થયું. અને કુલ મતદાન ૫૯.૩૨ ટકા થયું. હવે ૨૮ તારીખે ઉમેદવારોનું ભાવિ બંધ ઇવીએમમાંથી બહાર નીકળશે.

### આ તે કેવું?...

સોશિયલ મીડિયા પર પ્રચાર કર્યો હતો. બીજી તરફ, જ્યારે સામાન્ય નાગરિક પોતાનો મતાધિકાર વાપરવા પહોંચ્યો ત્યારે પોલીસે ૧૦૦ મીટર પહેલાં જ તેમને અટકાવી મોબાઈલ બહાર મૂકી આવવા ફરમાન કર્યું હતું. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી પોલીસની છે, પરંતુ આજે રાજ્યના વિવિધ વિસ્તારોમાં આશ્ચર્યજનક દ્રશ્યો જોવા મળ્યા હતા.

અમુક મતદાન મથકો પર મતદારો ખિસ્સામાં મોબાઈલ રાખીને આરામથી અવરજવર કરતાં દેખાયા હતા, જ્યારે અન્ય મથકો પર તપાસીને મોબાઈલ જપ્ત કરવા જેવી સ્થિતિ સર્જાઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, મોબાઈલ સાચવવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી અને પોલીસની કડકાઈથી કંટાળીને અનેક મતદારો મતદાન કર્યા વગર જ પરત ફર્યા હતા.

એક તરફ ચૂંટણી પંચ અને વહીવટી તંત્ર વધુમાં વધુ મતદાન થાય તે માટે મથામણ કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ આવી વ્યવહારુ મુશ્કેલીઓને કારણે સવારથી જ મતદાનમાં નિરસતા જોવા મળી રહી છે. જો મતદારને પાયાની સુવિધા કે યોગ્ય માર્ગદર્શન ન મળે, તો તેની સીધી અસર મતદાનની ટકાવારી પર પડી શકે છે. જો નેતાઓ મોબાઈલ સાથે અંદર જઈ શકતા હોય, તો સામાન્ય જનતા માટે જ નિયમો કેમ?

### સરેરાશ દર...

હતા. બીજી તરફ, મોટી સંખ્યામાં લોકો દ્વારા "પહેલા નામ હતું, હવે કેમ નથી?" જેવા સવાલો ઉઠાવવામાં આવ્યા, કારણ કે તેઓના નામ મતદાર યાદીમાંથી ગાયબ હોવાનું સામે આવ્યું હતું. ચૂંટણી પ્રક્રિયા શરૂ થતાં જ આવી ફરિયાદોનો ધસારો વધતા અધિકારીઓ દ્વારા સતત માર્ગદર્શન અને માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમ છતાં, મતદાર યાદી સંબંધિત પ્રશ્નો અને સ્થાન અંગેની ગેરસમજને કારણે મતદારોમાં નિરાશા પણ જોવા મળી હતી. ચૂંટણી તંત્ર દ્વારા હેલ્પલાઇન મારફતે શક્ય તેટલી ઝડપથી પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, પરંતુ ફરિયાદોની વધતી સંખ્યા દર્શાવે છે કે મતદાર યાદી અને માહિતી પ્રસારણ વ્યવસ્થામાં હજુ સુધારાની જરૂરિયાત છે.

### SIRના ધાંધિયા...

નહોતા. લગભગ તમામ વોર્ડમાં એવું થયું હતું કે, મતદારો પાસે વોટિંગ કાર્ડ હતાં પરંતુ મતદારયાદીમાં તેમનું નામ નહોતું. ઘણી જગ્યાએ તો જે તે મતદાર પંદર-વીસ વર્ષથી દરેક ચૂંટણીમાં મતદાન કરતા હતાં પરંતુ આ વખતે તેઓનું નામ જ મતદારયાદીમાં નહોતું SIRને કારણે અનેક ઠેકાણે એવું થયું હતું કે, જે તે મતદારોના બુથો બદલાઈ ગયા હતા. એટલે કે દર વખતે જ્યાં વોટિંગ કરવાનું હતું તેને બદલે બીજા બુથમાં નામો ચડી ગયા હતા. મતદારો ઘટી જતાં બુથો બદલાઈ ગયાનો ખુલાસો તંત્ર દ્વારા કરાયો હતો પરંતુ કેટલાક પરિવારોમાં તો એવું થયું હતું કે એક જ ઘરમાં રહેવા છતાં પણ તેમના નામો અલગ અલગ મતદાન મથકમાં બોલતા હતા. આને કારણે મતદારો પારાવાર હેરાન થયા હતા.

### SIRમાં ક્ષતિની...

એટલો બધો છે કે મતદાન સ્લો ચાલી રહ્યું છે. એ પણ આ વાત સાચી છે કે SIRની કામગીરી થઈ છે, એમાં ક્ષતિઓ રહી ગઈ છે સુધારા પણ થયા તેમ છતાં પણ અપવાદ કેસમાં નામ કમી થયા છે. મતદાન દરમિયાન એવી પણ ઘટના સામે આવી છે કે એક જ ફેમિલીના ત્રણના નામ હોય અને બેના નામ ન હોય એ તપાસનો વિષય છે એ ચોક્કસ વાત છે કે એસઆઇઆરમાં નામો કમી થયા છે બુથ પણ દૂર ગયા છે એવા પણ બુથ છે કે જે મતદારનાં રહેણાંકથી દુર બીજા વોર્ડમાં મતદાન કરવા જવું પડ્યું છે. એક જ એપાર્ટમેન્ટમાં અડધા મતદારોને નજીકનાં બાકીનાં અડધા મતદારોને દુર મતદાન મથકો પર જવું પડ્યું હતું.

### 2021 કરતાં...

પામી છે. ગત વખતે 2021માં ચૂંટણી વખતે સુરત મહાપાલિકાના 30 વોર્ડમાં કુલ 32.88 લાખ મતદારો હતા, જેમાંથી 47.14 ટકા એટલે કે અંદાજે 15.50 લાખ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે 2026માં કુલ મતદારોની સંખ્યા ઘટીને 24.76 લાખ રહી છે અને તેમાં પણ અંદાજે 1468923 મતદારો દ્વારા મતદાન કરાયું. એટલે કે એસઆઈઆર પ્રક્રિયા બાદ સુરતમાં 8.11 લાખથી વધુ મતદારોના નામ ઘટ્યા હોવાથી, મતદારોની સંખ્યાની દૃષ્ટિએ જોવામાં આવે તો આ વખતે 63 ટકા જેટલું મતદાન થયું હોત તો જ 2021ની સમકક્ષ થયું ગણાત. પરંતુ તેને બદલે ઓછું મતદાન થયું છે. એટલે કે આ વખતનું મતદાન ભલે ટકાવારી વધી હોય પરંતુ ગત વખત કરતાં ઓછું મતદાન થયું ગણાય.

# અમિત શાહ, સીએમ ભૂપેન્દ્ર પટેલનું મતદાન

ગાંધીનગર : ગુજરાતમાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે રાજ્યના અને કેન્દ્રના અનેક દિગ્ગજ નેતાઓએ સામાન્ય નાગરિકની જેમ મતદાન મથકો પર પહોંચીને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહથી લઈને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે મતદાન કરી જનતાને લોકશાહી મજબૂત કરવા અપીલ કરી હતી. અમિત શાહે પરિવાર સાથે નારણપુરામાં કર્યું મતદાન ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદના નારણપુરા સબ ઝોનલ ઓફિસ ખાતે સપરિવાર મતદાન કર્યું હતું. તેમની સાથે તેમના પત્ની સોનલબેન શાહ, પુત્ર જય શાહ અને પુત્રવધૂ રિશિતા શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. મતદાન મથક પર ઉમટેલી જનમેદનીએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે તેમણે 'વોટ ફોર ડેવલપમેન્ટ' અને 'વોટ ફોર સ્ટેબિલિટી'નો મંત્ર આપતા નાગરિકોને શાંતિ, સલામતી અને સમૃદ્ધિ માટે મતદાન કરવા આહવાન કર્યું હતું. સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મુખ્યમંત્રીએ અમદાવાદના શીલજ ખાતે પરિવાર સાથે મતદાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે જનતાનો પ્રત્યેક મત ગુજરાતની વિકાસની ગતિને નવી ઊંચાઈએ લઈ જશે. પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા એટલે કે ભાજપા પ્રદેશ પ્રમુખે વહેલી સવારે પરિવાર સાથે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

# પાટણમાં મતદાન દરમિયાન વૃદ્ધાનું હાર્ટ એટેકથી મોત

**આણંદમાં** મતદાન બુથ પર ફરજ દરમિયાન કર્મચારીનું મોત

અમદાવાદઃ પાટણના એક મતદાન કેન્દ્ર પર જ એક વૃદ્ધ મતદારને હાર્ટ એટેક આવ્યો હતો. જ્યારે પેટલાદના સાંસેજ ગામના બુથ પર ફરજ પરના કર્મચારીનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ પાટણની બી.એમ. હાઈસ્કૂલ ખાતેના મતદાન કેન્દ્ર પર એક વૃદ્ધ મતદારનું ચાલુ મતદાન દરમિયાન મોત નીપજ્યું છે. 65 વર્ષીય કમળાબેન અનિલકુમાર સોલંકી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે કેન્દ્ર પર પહોંચ્યા હતા. જ્યાં મતદાન કરી બહાર નીકળી રહ્યા હતા ત્યાં જ તેમને અચાનક હાર્ટ એટેક આવતા તેઓ ઢળી પડ્યા હતા. આ ઘટનાને પગલે મતદાન કેન્દ્ર પર હાજર અધિકારીઓ અને અન્ય મતદારોમાં દોડધામ મચી ગઈ હતી. આ કરૂણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં તથા સોલંકી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

બીજી તરફ

આણંદના પેટલાદના સાંસેજ ગામના બુથ પર ફરજ પરના કર્મચારીનું મોત નીપજ્યું છે. સાંસેજ ગામે પેટલાદ તાલુકા પંચાયતની ચૂંટણી માટેનું મતદાન ચાલી રહ્યું હતું. સાંસેજ ગામના બુથ ન.૧ પરના કર્મચારી અમિત વિઠ્ઠલભાઈ સોલંકીનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું છે. અમિત સોલંકી સાંસેજ ગ્રામપંચાયતમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા હતા. ગ્રામજનો દ્વારા તાબડતોબ તારાપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા છે. ફરજ પરના ડોક્ટર દ્વારા તપાસ બાદ મૃત જાહેર કરાયા છે.

### અમદાવાદના દાણીલીમડામાં ભાજપ ઉમેદવાર પર હુમલો

અમદાવાદ : અમદાવાદ મનપાની ચૂંટણીના મતદાનના દિવસએ આજે શહેરમાં અનેક સ્થળોએ હિંસા અને તણાવની ઘટનાઓ સામે આવી છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં મતદાન દરમિયાન બપોરના સમયે થયેલા ઘર્ષણમાં ભાજપના ઉમેદવાર વિનોદચંદ્ર ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે. આ અંગે મળતી માહિતી મુજબ દાણીલીમડાની એમ.એસ. પબ્લિક શાળા ખાતે મતદાન પ્રક્રિયા દરમિયાન રાજકીય જૂથો વચ્ચે અથડામણ સર્જાઈ હતી. આ દરમિયાન વિનોદચંદ્ર પર હુમલો થતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટના બાદ તેમને તાત્કાલિક એલ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં છેલ્લા બે કલાકથી તેઓ બેભાન છે. તેમની સારવાર ચાલી રહી છે. આ ઘટનાને પગલે વિસ્તારમાં તંગદિલીનો માહોલ ફેલાઈ ગયો છે, પરિણામે કાયદો-વ્યવસ્થા જાળવવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બીજી તરફ, શહેરના સરખેજ વોર્ડમાં પણ મતદાન દરમિયાન ભારે હોબાળો થયો હતો. ડાયમંડ રાહેલ સ્કૂલ ખાતે ભાજપ અને ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ (કોંગ્રેસ)ના કાર્યકરો વચ્ચે અથડામણ સર્જાઈ હતી, જેના કારણે મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ પડ્યો હતો.કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ભાજપના કાર્યકરોએ બૂથ નંબર 69થી 72 પર કોંગ્રેસના ટેબલ પર તોડફોડ કરી, મતદાર યાદી ફાડી નાખી અને મતદારોને ધમકાવ્યા હતા. સાથે જ બોગસ વોટિંગના પ્રયાસો અને જાતિવાદી ટિપ્પણીઓના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે.